मुंबाई इलाकानी भूगोळनो सार.

સુધારા તથા વધારા સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. ત્રીકમલાલ રણછોડદાસ

બુકસેલર એન્ડ પબ્લીસર નડીઆદ.

નડીઆદ.

'સત્યસાગર પ્રેસ.'

સંવત ૧૯૪૮—સને ૧૮૯૨

કીંમત એક આનો.


૫૨૦૫

મુંબઇ ઇલાકાની ભૂગોળનો સાર.

દિશાઓ વિષે.

જે દિશામાં સૂર્ય ઉગે છે તેને પૂર્વ દિશા કહે છે. જે દિશામાં સૂર્ય આથમે છે તેને પશ્ચિમ દિશા કહે છે. પૂર્વ દાશા ભણી મોં કરીને ઉભા રહીયે તો ડાબા હાથ તરફ ઉત્તર દિશા ને જમણા હાથ તરફ દક્ષિણ દિશા.

નકશાની દિશાઓ—નકશા ભણી મોં કરીને ઉભા રહીયે તો માથા ભણીની ઉત્તર દિશા, ને પગ ભણીની દક્ષિણ દિશા, જમણા હાથ ભણીની પૂર્વ, ને ડાબા હાથ તરફની પશ્ચિમ દિશા.



ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન, ઉત્તર ને પશ્ચિમ વચ્ચે વાયવ્ય, દક્ષિણ ને પૂર્વ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈરુત્ય.

વ્યાખ્યાઓ.

નકશો—નમુનો અથવા આકાર,
ખંડ—જમીનનો મોટો ભાગ જે ઘણા દેશો મળીને થયો હોય તે.
દેશ—જેમાં ઘણા ઇલાકા આવેલા હોય તેને.
ઇલાકો—જેમાં ઘણા પ્રાંત તથા દેશી રાજ્ય હોય તેને.
પ્રાંત—ઘણા જીલ્લા તથા એજન્સી આવેલાં હોય તેને.
જીલ્લો—જે ઘણાં પરગણાં મળીને થયેલો હોય તેને.
એજન્સી—જેમાં ઘણા ખંડીઆ મુલકો આવેલા હોય.

પરગણું—(તાલુકો) જેમાં ઘણાં ગામ આવેલાં હોય.

ગામ-જેમાં ઘરાં તે. કસ્બો-જેમાં ઘણા મૂસલમાન રહે તથા ગા-
મડાથી મોટું તે.

શેહેર—કસ્બાથી મોટું **રાજ્યધાની**-રાજ્ય ગાદી.

બંદર—નદી કે દરીઆ કાંડે વહાણોના વેપારનું મથક.

સંસ્થાન—દેશી રાજાનું રાજ્ય. (દેશી રાજ્ય)

બેટ—જેની ચારે તરફ પાણી અને વચમાં જમીન.

સરો[illegible]—જેની ચારે તરફ જમીન ને વચમાં પાણી.

દ્વીપકલ્પ-જેની ત્રણે બાજુએ પાણી ને એક બાજુએ જમીનને
વળગેલો હોય.

ભૂશીર-જમીનની જે અણી લાંબી થઇને સમુદ્રમાં ગયેલી હોય

અખાત—સમુદ્રનો ફાંટો લાંબો થઈને જમીનમાં ગયેલો હોય.

ઉપસાગર—પહોળા મોંઢાનો અખાત.

સંયોગીભૂમી-બે જમીનના મોટા ભાગસાંધનારોજમીનનોનાનોભાગ.

સામુદ્રધુની-પાણીનો નાનો ભાગ પાણીના બે મોટાભાગનેસાંધેતેને.

ડુંગર-જમીનથી થોડો ઉચો હોય તેને વધારે ઉંચાને પર્વત.

નદી-મીઠા પાણીનો પ્રવાહ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીક-
ળી ઢળતી જગ્યામાં થઇસમુદ્રને મળેછે. જ્યાંથી નદી નીકળે
છે તે તેનું મુળ. ને જ્યાં મળે છે તે તેનું મુખ

સંગમ—નાની નદી મોટી નદીને મળે.

મેદાન—જેમાં ઝાડ બોડ ન હોય ને રેતી હોય.

દોઆબ—બે પાણી વચ્ચેનો મુલક-એનું [illegible]મ જ[illegible]શય.

ખીણી—બે પર્વતો વચ્ચેનો મુલક.

ઉંચ પ્રદેશ-પહાડ ઉપર આવેલો પ્રદેશ.

જળક્ષેપ-ઉંચી જગ્યાએથી જુદીજુદી દીશામાં પાણી વહેછે તે

રાજ્ય રીતિ.

ગામ-મુખી ને તલાટી-તલાટી ગામની ઉપજ વસુલ કરે.

તાલુકો-મામલતદાર-તાલુકાની ઉપજ વસુલ કરે.

જીલ્લો-કલેકટર-જીલ્લાની ઉપજ વસુલ કરે.

પ્રાંત-કમીશનર-પ્રાંતની ઉપજ વસુલ કરે, બંદોબસ્ત રાખે.

ઈલાકો-ગવરનર-ઈલાકાનો બંદોબસ્ત રાખે.

એજન્સી-પોલીટીકલ એજંટ-રાજા રજવાડામાં વાંધો પડે તેનો (દેશી ઇલાકો) ફેંસલો કરે. તથા દેખરેખ રાખે.

સંસ્થાન-દેશી રાજ્ય, રેસીડેન્ડ દેખરેખ રાખે.

પોર્ટુગીજ તાબાનાં શેહેર-દીવ દમણ, ગોવા, (ગોવામાં ગવરનર રહે છે) ને તે સ્વતંત્ર છે.

સિંધી લોકોનાં શેહેર-જાફ્રાબાદ, જંજીરા તે ઈંગ્રેજને ખંડણી આપતા નથી.

મુબઈ ઈલાકાના પ્રાંત-સિંધ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, દક્ષિણ મહારાષ્ટ્ર.

સિંધપ્રાંત.

શેહેરો-જેકબાબાદ, શિકારપુર, હૈદ્રાબાદ, કરાંચી, ઉમરકોટ, ખૈરપુર, ઠઠ્ઠા, સક્કર, બક્કર, સેવાન, મિયાની, લાડખાના, હાલા,

પર્વત-હાલા, (પબ) **સરોવર**-મંચર.

નદીઓ-સિંધુ, એ નદી હીમાલય પર્વતના કૈલાસ શીખરમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે. તેના ઉપર શેહેરો-મીટનકોટ, સક્કર

ભક્કર, સેવાન, લાડખાના, હાલા, મીયાની, હૈદ્રાબાદ, ઠઠ્ઠા, કરાંચી, એ નદીનું બીજું નામ અટક, ઇન્ડસ.

શેહેરોનું વર્ણન.

જેકબાબાદ ને ઉમ્મરકોટમાં પોલીટીકલ સુપ્રીન્ટેન્ડન્ડ રહેછે.

ઉમ્મરકોટ-ઇ. સ. ૧૫૪૩ માં અકબર જનમ્યો હતો.

ખૈરપુર-મીરઅલી મોરાદ નવાબ રહેછે.

ઠઠ્ઠા-મહમદ ગાંડો ઇ.સ. ૧૩૫૧ માં મરી ગયો.

કરાંચી-બંદર, તેમાં સીંધ પ્રાંતનો કમીશનર રહેછે.

કચ્છ પ્રાંત.

પરગણાં-પાબર, મીઆણી, બન્ની, પશ્ચમ, પ્રાંથલ, વાગડ, અંજાર ચોવીસી, ભૂવડ ચોવશી; હાલા ચોવીસી, કોંડી, મોડાસા, અબડાસા, કંઠ, ગરડો, માંડ.

શેહેરો-ભૂજ, માંડવી, મુદ્રા, લખપટ, જખૌ, તુણા, અંજાર રાપર, અધોઇ, ભચૌ, ખેલા, નળીઆ, કઠારા, તેરા, સૂમરીરોહા, ભદ્રેસર, કેરા, કંથકોટ.

નદીઓ-નથી. **વહેળા**-નાગમથી, રૂકમાવતી, ખારી.

પર્વત-લાખી, રાયમલરો.

શેહેરોનું વર્ણન.

માંડવી-બંદર તથા તેમાં દીવાદાંડી. અંજાર ચપ્પુ.

કંથકોટ-બાણાવળી ભીમ ભરાયો હતો. ૧૦૨૪ની સાલમાં.

ભુજ-રાજધાની (રાવશ્રીખેંગારજી રાજાએ ૧૬૦૫ની સાલમાં વસાવ્યું છે) તેમાં ઇગ્રેજ તરફથી પોલીટીકલ એજંટ રહે છે.

અખાત કચ્છી.

ગુજરાત પ્રાંત.

જીલ્લા—સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ, અમદાવાદ;

એજન્સી—કાઠીઆવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત, પંચમહાલ.

સંસ્થાન—ગાયકવાડ (વડોદ્રા) ખંભાત,

સુરત જીલ્લો.

તાલુકા—પારડી, વલસાડ, ચીખલી, જલાલપુર, બારડોલી, માંડવી ચોયાસી, ઓરપાડ.

શેહેરો—પારડી, વલસાડ, ચીખલી, જલાલપુર, બારડોલી, માંડવી, સુરત, ઓરપાડ, રાંદેર, વ્યારા, વાલોડ, બીલીમોરા, પારનેરા, બગવાડા.

નદીઓ—તાપી, કીમ, મીંઢોળા, પૂર્ણા, અબીકા, પાર, કોલક, દમણગંગા, ઓરંગા, કાવેરી.

ભરૂચ જીલ્લો.

પરગણાં—ભરૂચ. અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર,

શેહેરો—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર, ટંકારીયા, માંડવા બુજર્ગ, શુક્લતીર્થ, હાંસોટ.

નદીઓ—નર્મદા, ઢાઢર, મહી, કીમ, ઉમરાવતી.

ખેડા જીલ્લો.

તાલુકા—કપડવણજ, ઠાસરા, નડીઆદ, મેહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ,

શહેરો—કપડવણજ, ઠાસરા, નડીઆદ, મહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ, ખેડા, ડાકોર, મહુધા, ઉમરેઠ.

નદીઓ—શેઢી, વાત્રક, મહી, મેશ્વો, ખારી, મહોર; લુણી, શાંશી, ગળાની.

પંચમહાલ જીલ્લો.

તાલુકા—ગોધરા, કાલોલ, હાલોલ.

શહેરો-ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ, વેજલપુર, દાહોદ ઝાલોદ

નદીઓ—મહી. **પર્વત**—પાવાગઢ.

અમદાવાદ જીલ્લો.

તાલુકા—પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, દસક્રોઈ, ધંધુકા ધોલેરા. શાણંદ

શહેરો—પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, અમદાવાદ, ધંધુકા, ધોધા, શાણંદ, મોડાસા, પાટડી.

નદીઓ—સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો, ખારી, માઝુમ

કાઠિઆવાડ એજન્સિ. (સૌરાષ્ટ્ર..)

વઢવાણ. સોનગઢ, આંબલીવાડા, રાજકોટ આ શહેરોમાં આસીસ્ટંટ પોલીટીકલ એજંટ રહે છે.

ભાગ—ઝાલાવાડ, ગોહલવાડ, ઉંડસરવૈયા, બાબરીયાવાડ, કાઠીઆવાડ, સોરઠ, બરડા, હાલાર, મચ્છુકાંઠો, ઓખામંડળ.

નદીઓ—ભાદર, શેત્રુંજી, મચ્છુ, ઓઝાત, આજી.

પર્વત-ચોટીલા, વાલાકગીર કે મોરધાર. લાંબધાર, શેત્રુંજા, ગીરનાર, બરડા.

શહેરો-ઝાલાવાડમાં-ધ્રાંગધ્રા, હળવદ, લીંબડી, વઢવાણ, વાંકાનેર, થાન, લખતર, સાયલા, ચુડા, બજાણા. ગોહલવાડમાં-ભાવનગર, સીહોર, કુંડલા, મહુઆ, પાલીટાણા, ગારીઆધર, વળા લાઠી.

ડસવૈયા—ડાકા, ગણુષોળ, ચોક. બાબરીઆવાડ—જાફ્રાબાદ, ડેડાણુ. કાઠીઆવાડ—અમરેલી, ધારી, જેતપુર, ચીતલ, બીલખા, બગસરા, જસદણ. સોરઠ—જુનાગઢ, વેરાવળ, કોડીનાર, બાટવા, અમરાપુર. બરડા—પોરબંદર. હાલાર—નવાનગર, જોડીઆ, આમરણ, ખંભાળીઆ, ધોગાજી, રાજકોટ, સરધાર, ધોળ, સરપદડ, દ્રાફા. મચ્છુકાંઠા—મોરબી, માલીઆ. ઓખામંડળ—દ્વારીકાં, કચ્છીગઢ, કોશીતરું, આરંભડુ, ધીણુકી, મઠી.

કાઠીયાવાડનાં સ્વસ્થાનોના રાજાઓ અને તેઓના વર્ગ તથા જાત.

વર્ગ પેહલો જુનાગઢના નવાબ, જાતે બાબી મુસલમાન. ભાવનગરના રાવળ, જાતે ગોહેલ રજપુત, ધ્રાંગદ્રાના રાજ, જાતે ઝાલા રજપુત નવાનગરના જામ, જાતે જાડેજા રજપુત.

વર્ગ બીજો. મોરબીના ઠાકોર, જાતે જાડેજા રજપુત ધ્રોળના ઠાકોર, જાતે જાડેજા રજપુત રાજકોટના ઠાકોર, જાતે જાડેજા રજપુત. ગોંડળના ઠાકોર, જાતે જાડેજા રજપૂત પાલીતાણુાના ઠકોર, જાતે ગોહેલ રજપૂત લીંબડીના ઠાકોર, જાતે ઝાલા રજપૂત. વાંકાનેરના રાજ, જાતે ઝાલા રજપુત. વઢવાણુના ઠાકોર, જાતે ઝાલા રજપુત. જાફરાબાદના સીંધી, જાતે હબસી મુસલમાન.

વર્ગત્રીજો. પોરબંદરના રાણુા, જાતે જેઠવા રજપુત. વળાના ઠાકોર, જાતે ગોહેલ રજપૂત લખતરના ઠાકોર, જાતે ઝાલા રજપુત. સાયલાના ઠાકોર, જાતે ઝાલા રજપૂત. ચુડાના ઠાકોર, જાતે ઝાલા રજપુત બાંટવાના બાબી, જાતે બાબી મુસલમાન જસદણના રાજા, જાતે ખાચર કાઠી.

વર્ગ ચોથો. મુળીના ઠાકોર, જાતે પરમાર રજપુત. બજાણાના મલેક, જાતે મલેક મુસલમાન. લાઠીના ઠાકોર જાતે ગોહેલ રજપુત.

પાલણપુર એજન્સિ.

ભાગ—પાલણપુર, દીસા, રાધનપુર.

શહેર—પાલણપુર, રાધનપુર, દીસા, થરાદ, વારાઇ, વાવ, મોરવાડ, સુઇગામ, દેવદર, સાન્તલપુર, કાંકરેજ, સમી, મુંજપુર, તેરવાડા, ભાભર.

નદીઓ—બનાસ, સરસ્વતી.

પર્વત—આબુ, શીરોઇના પહાડ.

મહિકાંઠા એજન્સિ.

ભાગ—નાની મારવાડ, રેવર, સાબરકાંઠો, વાત્રકકાંઠો, બાવીશી, કટોસણ.

શહેર—નાની મારવાડનાં-ઇડર, દાંતા, માલપુર, રેવરનાં-મોહનપુર, રણાસણ, સાબરકાંઠાનાં-માણસા, પેથાપુર, વરસોડા, ઇલોલ, વાત્રકકાંઠા-આમલીઆરા, ઘોડાસર, સાંથબા, પુનાદ્રા, ખડાળ, બાવીશી-વાસણા, મહીસા, ડભોડા. કટોસણ-જોટાણા, સાંથળ કટોસણ, મગુના.

નદીઓ—અમદાવાદ જીલ્લા પ્રમાણે.

રેવાકાંઠા એજન્સિ.

ભાગ—રાજપીપળા, બારૈયા લુણાવાડા, સુંથ, વાડાસીનોર.

શહેર—નાંદોદ, બારઇયા, લુણાવાડા, સુથ, વાડાસીનોર.

પર્વત—રાજપીપળા.

નદીઓ—નર્મદા, ઢાઢર, મહી, વિશ્વામીત્રી.

ગાયકવાડનું સંસ્થાન.

શેહેરો—વડોદરા, સોજીત્રા, વસો, પેટલાદ, નવસારી, વસ્રાળી, બળેશ્વર, ગણદેવી, ટેલારી, અમરેલી, દ્વારકાં, પાટણ, સીધપુર, મેહેસાણા, કડી, વડનગર, ખાનદેશમાં વર્જપુરતરાફ.

ખંભાત સંસ્થાન.

શેહેરો-ખંભાત એમાં નવાબ રહે છે ને તે ખેડાના કલેકટરના ઉપરીપણા નીચે છે.

પંચમહાલ એજન્સી.

શેહેર-નારૂકોટ એ પંચમહાલના કલેકટરના હવાલામાં છે.

સુરત એજન્સિ.

સંસ્થાન-સચીન, વાંસદા, ધરમપૂર અથવા રામનગર.

શેહેર-લાચપુર, બીનાર, વાંસદા, ધર્મપુર, સચીન કાંબળા.

તાપી-સાતપુડા પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તેના ઉપરનાં શહેર. સુરત, રાંદેર, બરાનપુર, માંડવી.

કીમ-રાજપીપળાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે તેના ઉપરનાં શેહેર-ઘલાવ, કડોદ્રા.

નર્મદા-નર્મદા એ નદી વિધાચળ પર્વતના અમરકંટક શીખરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે, તેના ઉપરનાં શેહેર. ભરૂચ, ચાણોદ, કન્યાળી, શુકલતીર્થ, નાંદોદ.

મહી—માળવાના પહાડમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે તેના ઉપરનાં શેહેર. ખંભાત, લુણાવાડા.

ઉમરસ્વતી-રાજપીપળાના ડુંગરમાંથી નીકળી નર્મદાને મળે છે તેના ઉપરના શેહેર. જસદણ, જેતપુર નવી બંદર.

સાબરમતી-એ મેવાડના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને તેના ઉપરનાં શેહેર. અમદાવાદ, સાદરા, પેથાપુર.

ભાદર-એ મદાવનના ડુંગરમાંથી નીકળી આરબી સમુદ્રને મળેછે એના ઉપરનાં શેહેર. જસદણ, જેતપુર નવીબંદર.

શેત્રુજી-એ ગીરનાર પર્વતમાંથી નીકળી ને ખંભાતના અખાતને મળેછે એના ઉપરનાં શેહેર. ધારી, પાલીતાણા.

સરસ્વતી-એ નદી અરવલ્લી પર્વતમાંથી નીકળી કચ્છના રણમાં જાયછે. તેના ઉપરનાં શેહેર. પાટણ, સીધપુર, દાંતા.

બનાસ-એ અરવલ્લી પર્વતમાંથી નીકળી કચ્છના રણમાં જાયછે તેના ઉપરનાં શેહેર. રાધનપૂર, ડીસા,

વાત્રક-ડુંગરપૂર પાસેથી નીકળી પાલ્લા આગળ સાબરમતીને મળેછે તેના ઉપરનાં શેહેર. અપરૂજી, પાલ્લા, વૌઠા, ખેડા.

મીંઢોળ, પુર્ણા, અંબીકા, પાર, કોલક, દમણગંગા, કાવેરી એ નદીઓ સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે.

ઢાઢર-એ પાવાગઢના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે. તેના ઉપરનાં શેહેર, ટંકારીયા.

વિશ્વામીત્રી-એ રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ઢાઢરને મળેછે. એના ઉપરનાં શેહેર. વડોદરા

મચ્છુ-એ ચોટીલા પર્વતમાંથી નીકળી કચ્છના રણમાં જાય છે એના ઉપરનાં શેહેર. વાંકાનેર, મોરબી, માલીયા.

આજી-સરધારની પાસેના ડુંગરમાંથી ઉત્પન્ન થઇ કચ્છના અખાતમાં જાયછે એના ઉપરનાં શેહેર. રાજકોટ.

માહારાષ્ટ.

ખાનદેશ જીલ્લો.

નદી—તાપી, પાંજરા, ગીરણા.

શેહેર—ધુળીઆ, માલેગામ, નંદુબાર.

(ખાનદેશ એજન્સી) ડાંગનો મુલક, સલગણાનો મુલક, મેહેવાસી પ્રગણાં એ એજન્સી બીલને તાબે છે, ખાનદેશની રાજધાની ધુળીઆ પાંજરા નદી ઉપર છે.

નાશક જીલ્લો.

નદીઓ—ગોદાવરી.

શેહેર—નાશક, ત્ર્યંબક એમાં બાર બાર વરશે ગોદાવરીની જાત્રા ભરાય છે. પેઠ એ સંસ્થાન છે અને ત્યાં બેગમનું રાજ્ય છે.

અહમદનગર જીલ્લો.

મુખ્ય શેહેર—અહમદનગર એ પહેલાં મુસલમાનોની રાજધાની હતી. ને ત્યાં ચાંદબીબી થઇ ગઇ.

પુણા જીલ્લો.

મુખ્ય શેહેર-પુણા એ મુળામુઠા નદી ઉપર છે એ પેહેલાં પેશ્વાની રાજધાની હતી.

સતારા જીલ્લો.

મુખ્ય શેહેર-સતારા એ સંગમ નદી ઉપર છે એ પેહેલાં મરેઠાની રાજધાની હતી.

સોલાપુર જીલ્લો.

મુખ્ય શેહેર-સોલાપુર.

અકલકોટ સંસ્થાન છે ને ત્યાંના રાજા ભોંસલા કહેવાય છે.

સતારા જાગીર (નાં સંસ્થાન). ભોર, ફલટન, ઔંધ, જત, ભોર

ને ચોંદ એના ઉપરી બ્રાહ્મણ, ફલટન અને જત એ બે મરેઠા.

કોંકણપટી.

થાણા જીલ્લો–થાણા, જવાર સંસ્થાન–જવાર એમાં કોળી રાજાનો અમલછે. કોલાબા જીલ્લો–અલીબાગ, જંજીરા સંસ્થાન–જંજીરા એમાં હબસીનો અમલ છે એ ઇંગ્રેજ સરકારને ખંડણી આપતા નથી રત્નાગીરી–રત્નાગીરી એ બંદર છે. સાવંતવાડી–એમાં ભોંસલા કૂળના મરેઠાનો અમલ છે.

દક્ષિણ મહારાષ્ટ્ર.

કલાદગી જીલ્લો–કલાદગી. બેલગામ જીલ્લો–બેલગામ. કોલાપૂર સંસ્થાન–કોલાપૂર ત્યાં ભોસલે કુળના મરેઠાનું રાજછે. દક્ષિણ મરેઠા જાગીર–સાંગલી જમખંડી, મીરજ, કુરૂંદવાડ, ભૂગોળ, રામદુર્ગ (સાંગલી, જમખંડી મીરજ, કુરૂંદવાડ) એમાં પટવરધન જાતના બ્રાહ્મણ. (ભૂગોળમાં ભોંસલે કુળના મરેઠા) રામદુર્ગમાં ભોરવંશના બ્રાહ્મણ **પર્વત** સંહ્યાદ્રી (પશ્ચિમઘાટ.)

નદિઓ.

ગોદાવરી–એ નદી સંહ્યાદ્રી પર્વતના નાશકત્ર્યંબકના શીખરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે, એના ઉપરનાં શેહેર નાશક, ત્ર્યંબક, પૈઠણ.

કૃષ્ણા–સંહ્યાદ્રી પર્વતના માહાબળેશ્વર શીખરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે એના ઉપર શેહેર, જમખંડી, કમળાપુર.

ભીમા–એ સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી કૃષ્ણાને મળેછે. એના ઉપર પંઢરપૂર એમાં વિઠલનાથજીનું દેવળ છે.

તુંગભદ્રા–એ સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભીમાને મળેછે એના

ઉપર રાયચોર.

નીરા—એ સંહ્યાદ્રી પર્વતમાંથીનીકળી ભીમાને મળે છે એના પર ફ્રુધટન.

સીમા-એ સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભીમાને મળેછે એના પર આહમદનગર, સોલાપુર.

વખણાતી જણસો—કપડવણજમાં કાચ ને સાબુ. પાટણનાં પટોળાં, સુડીઓ, માટીનાં વાસણ માંગરોલીની સોપારી, ખંભાત—સુતરફેણી, અમદાવાદ—મશરૂ. કોશીન્દ્રા-ગોળ. નગરપારક-ઘી. અંજાર-ચપ્પુ, આતરસુંબા-લોઢું સુરતની-બરફી નાશક-લોટા જામનગર-કંકુ. ભાલમાં ઘઉં, કાંનમ—કપાસ. ચરોતર-તમાકું. દસક્રોસી-ડાંગર કાઠીઆવાડી-ઘોડી, કડી પ્રગણાના-બળદ. રાંદેરી-બોર. વિજાપુર-અફીણ. પેથાપુર-બોંધણી, સાડી, બંદુક. વીસળનગર-પીતળનાં વાસણ, હળદર, ચીર. પુના—પાન પેઠ—પાઘડી, ધોળેરા-રૂ. વાગડ-બાજરી. જાફ્રાબાદ-ઘી ખંભાત-અકીકના પથરા. વસાઈ ખાંડ બનાવવાનાં કારખાનાં. મુંબાઈ-હલવા. સોજીત્રા-સુંદરપાક, નડીઆદ-દુધ, તથા નાડાં.

યાત્રાનાં ઠેકાણાં—દ્વારકાં, સોમનાથ, પાલીટાણા, અંબાજી પાવાગઢ, સામલાજી, ડાકોર, ત્રંબક, નાશીક, સીધપુર, સુકલતીર્થ, બેટ, વડતાલ, પંઢલપુર, ચાણોદ કન્યાળી.

હવા ખાવાની જગાઓ—ગોપનાથ મુંબાઈ પાસે માથેરાન, મહાબળેશ્વર, ભીમા, શંકર ત્રંબક.

મુખ્યબંદર-કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર, વેરાવળ, માંગોલ, સોમનાથ, દીવ, જાફ્રાબાદ, ભાવનગર, ગોપનાથ, ધોલેરા, ધો-

ઘા, ભરૂચ, સુરત, દમણ, માહીમ, વસઈ, મુંબાઇ, અલીબાગ, જંજીરા, કારવાડ, કુમટે, હોનાવર, ગોવા, રત્નાગીરી.

બેટ—દીવ, ગોપનાથ, મુબાઈ, સવાઇ, પીરમ, સાષ્ટી, ધારાપુરી.

હબસી લોકનાં સંસ્થાન—જાફ્રાબાદ, જંજીરા, એ લોકો સરકારને ખંડણી આપતા નથી.

દ્વીપકલ્પ—કાઠીઆવાડ.

ભુશીર—જગતપોઇંટ, દીવ, કેપરામાશ,

અખાત—કચ્છ, ખંભાત

છાવણી—અમદાવાદ, રાજકોટ, ભુજ, ડીસા, વડોદરા, પુના, માણેકવાડા, સોનગઢ.

ગુજરાતની ચાર દીશાની હદ—ઉત્તરે દાંતા, ડીસા. દક્ષિણે દમણ, પુર્વે દાહોદ પશ્ચિમે દ્વારકાં.

મુંબાઇ ઇલાકામાં આવેલિ રેલવે તેનિ શાખાઓ તથા તેનાં મુખ્ય સ્ટેસનો.

કરાંચીથી ખેરપુર સુધીનાં (નોર્થ વેસ્ટન રેલવે) કરાંચી, જંગશાહી, કોટ્રી, લાકી, શેહેવાન, રાધન, લારખાના, રૂકજંકશન. (રૂકજંકશનથી શીકારપુર અને જેકોબાબાદ ભણી જાય છે.) સકર, રોહરી, ખેરપૂર

વઢવાંણથી મોરબી સુધીનાં (મોરબી રેલવે) વઢવાણ કેમ્પ, મુળી, દોલીઆ, થાનરોડ, વાંકાનેર જંકશન (વાંકાનેર જંકશનથી રાજકોટ બ્રંચનાં, વાંકાનેર, સીંધ વદર, ખોરાના, રાજકોટ,) મોરબી

વઢવાણથી ભાવનગર સુધીનાં. (ભાવનગર, . ગોંડલ, જુનાગઢ પોરબંદર રેલવે,) વઢવાણ. લીંબડી, ચુડા, રાણપુર, બોટાદ, નીં-

ગાળા, ધોળાજંકશન. (ધોળા જંકશનથી પોરબંદર બ્રેન્ચ લાઇન જાય છે, તેનાં ધોળા, જાળીઆ, લાઠી, ચીતલ, ખાખરીયા, વાવડી જેતપૂર, જેતલસર જંક્શન) (જેતલસરથી જેતલસર, વેરાવળ લાઇન જાય છે. તેનાં જેતલસર, જુનાગઢ, માળીયા, વેરાવળ, ધોરાજી, સુપડી, ભાયાવદર, જામ જોધપૂર, પોરબંદર) સોનગઢ, સીહોર, ગેડચી, ભાવનગર.

મુંબાઇથી વઢવાણ સુધીનાં (બોંબે બરોડા, એન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા રેલવે.) કોલાબા, ચર્ચગેટ, મરીનલાઇન, ચરનીરોડ, ગ્રાન્ટરોડ, દાદર, બાંદરા, વસઇ, પાલગર, દમણ, વલસાડ, અમલસાડ, નવસારી; સુરત, અંકલેશ્વર, ભરૂચ, ચમારગામ, પાલજ, મીઆગામ જંક્શન (મીઆગામથી બોડેલી સુધી ગાયકવાડ ડભોઇ રેલવે જાયછે. તેનાં મીઆગામ, મંડાલા, ડભોઇ, બાહાદરપૂર, બોડેલી.) વીશ્વામીત્રી, (વીશ્વામીત્રીથી ચાંદોદ સુધી ડભોઇ લાઇનનાં વીશ્વામીત્રી, ગોઆગેટ, કેલનપુર, ડભોઇ. તેલતલાવ, ચાંદોદ) વડોદરા, વાસદ, આણુંદ, (આણુંદથી ગોધરા. લાઇનનાં, આણુંદ, ભાજેજ,ઉમરેઠ, ડાકોર, હાસરા સેવાલીઆ, ગોધરા.) આણુંદથી પેટલાદ બ્રેચનાં, આણુંદ, અગાસ, પેટલાદ.) નડીઆદ, મેમદાવાદ. અમદાવાદ, (અમદાવાદથી રજપુતાના રેલવેનાં અમદાવાદ, સાબરમતી, કલોલ, ડાંગરવા મેસાણા,) (મેશાણાથી, વીરમગામ સુધીનાં મેસાણા, જોટાણા, કટોસણ, રોડ ભાણ, ખેડા, વીરમગામ) (મેશાણાથી ખેરાળુ, સુધીનાં મેશાણા, વીસનગર, વડનગર ખેરાળુ) (મેશાણાથી પાટણ સુધીનાં મેશાણા, રેણુંજ, પાટણ) ઉંઝા, શીધપુર, પાલણપુર, આબુરોડ,) સાનંદ વીરમગામ, વીરમગામ-

થી પારડી, બ્રેચનાં, વીરમગામ, ઝુંડ, પાટડી, ખારાઘોડા.) લખતર, વઢવાણ.

મુંબાઇથી ખાંડવા સુધીનાં (જી. આ. પી. રેલવે.) બાયકલા, દાદર, થાણા, કલ્યાણ જંકશન, ઇગતપૂર, નાશીકરોડ, મનમાર જંકશન નાદગાંવ, ભુસાવલ જંકશન. બરાનપૂર, ખંડવા.

ખંડવાથી, અજમેર, સુધીનાં, (હોલકર સ્ટેટ રેલવે) ખંડવા, બરવાહા, મહું, ઇંદોર, ફતેહાબાદ જંકશન, (ફતેહાબાદથી ઉજેન જાયછે) રતલામ. જાવરા, મન્દસર, નીમચ, ભીલવાડા, નસીરાબાદ, અજમેર.

મુંબાઇથી હુડગી, જંકસન, સુધીનાં (જી. આઇ. પી રેલવે,) મસજીદ બંદર, બાયકલા, પરેલ, દાદર, થાણા, કલ્યાણ જંકશન કરજટ, લાનોલી, કીરકી, પૂના, (પુનાથી સાઉન મરેઠા રેલવેનાં, પુનાવેથલ, કરાદ, મીરજ, (મીરજથી કોલ્હાપુર ભણી જાયછે.) બેલગામ, લોન્ડા જંકશન. ધારવાડ, હુબલી જંકશન. (હુબલીથી હરીહર, બીરૂર, અને બેંગલોર ભણી જાયછે.) ગડગ જંકશન (ગડગથી, હસપેટ, અને બેલ્લારી ભણી જાયછે.) બાજલકોટ, બીજાપુર, હોટગી જંકશન, ધોન્ડ જંકશન. (ધોન્ડ જંકશનથી, મનમાર સુધીનાં ધોન્ડ, અહમદનગર, મનમાર.)બારસીરોડ, સોલાપુર. હુડગી.

સમાપ્ત.

સુચનાં.

સરવે સદગ્રહસ્થોને વીનંતી જે સરકારી નીશાળોમાં ચાલતી તમાંમ જાતની ચોપડીયો છાપી છુટો. બારોટકૃત ઇતીહાસ. નીબંધ સાર સંગ્રહ. ભૂતળ વીગરેની સમજ, સાતે ચોપડીયોના અર્થ. વીગરે ચોપડીયો તથા ખેડા. હીંદુસ્તાન. ચારે ખંડો. પૃથ્વીના હદવાળા તથા રંગેલા નકશા કાગળ ઉપરના હલકી કીમતના પણ મળેછે.

હાઈસ્કુલમાં તથા ઇંગ્રેજી સ્કુલોમાં ચાલતી ઇંગ્રેજી સંસ્કૃત પ્રસીયન વીગરે ચોપડીયો પણ મળેછે

ઉરદુ સ્કુલોમાં ચાલતી મુંબાઇની તથા લાહોરની ઉરદુ ચોપડીયો કાપીયો મળેછે.

ચીમનલાલ રણછોડદાસ

ન્યુ. બુક. ડીપો–નડીઆદ.